# ખાંભા સહિત અજુબાજુના ગામડાઓમાં ૧.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

## ગીરના ગ્રામ્ય વિસ્તારના ઈંગોરાળા, નાના વિસાવદર, નાની ધારી, અનીડા સહિતના ગામોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો




અમરેલી તા.૯

આજથી ૨૬ વર્ષ પહેલાં ૨૬ જાન્યુઆરીના રોજ આવેલાં વિનાશક ભૂકંપને આજે પણ લોકો ભૂલી શક્યા નથી. ત્યારે શિયાળાની ઋતુને અને ભૂકંપ વચ્ચે કોઈ કનેક્શન હોય તેમ ઠંડી વધતાં જ આજે અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીરના ગામડામાં આજે સાંજે વાળું કરવાનાં સમયે લોકોએ ભૂકંપનો આંચકો અનુભવ્યો હોય લોકો આ ભૂકંપનાં આંચકાથી હલબલી ગયા હતાં. આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ગીરના ગ્રામ્ય વિસ્તારના ઈંગોરાળા, નાના વિસાવદર, નાની ધારી, અનીડા સહિતના ગામોમાં આજે સાંજના ૭-૧૬ મિનિટે ૧-૯ ની તીવ્રતાનો આવ્યો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. આ અંગે સિસ્મોલોજી વિભાગ ગાંધીનગર દ્વારા પણ ભૂકંપના આંચકાની પુષ્ટી આપી હતી. આ ભૂકંપ અમરેલીથી ૪૧ કિલોમીટર દૂર હોવાં અંગેની વિગતો ગાંધીનગર સિસ્મોલોજી વિભાગે આપી હતી.

આ અગાઉ પણ ખાંભા પંથકમાં ગીર કાંઠાના વિસ્તારોમાં અનેક વખત ભૂકંપના આંચકો આવતાં હોય જેને લઈ ગાંધીનગરથી ખાસ ટીમ આ પંથકમાં દોડી આવી હતી. ત્યારે આજે ફરી વખત ભૂકંપનાં આંચકાથી લોકોમાં ભરેવ ગભરાટ ફેલાયો છે.

# અમરેલીમાં નિર્માણધીન અંડરબ્રિજના ખાડામાં એક્ટિવા ખાબક્યું, યુવકનું મોત

## મોટર સાયકલ પાછળ બેઠેલાં તેમનાં પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ

અમરેલી

અમરેલીના લીલીયા રોડ ઉપર આવેલ દાદા ભગવાનના મંદિર પાસે પુલનું કામ ચાલુ હોય ત્યાં ગઈકાલે મોડી રાત્રીનાં સમયે એક ડબલ સવારી મોટર સાયકલ આ પુલના ખાડામાં ખાબકતાં મોટર સાયકલ ચાલકનું મોત નિપજેલ હતું. જ્યારે મોટર સાયકલ પાછળ બેઠેલાં તેમનાં પત્નીને ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડવામાં આવેલ હતાં.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ અમરેલીના ડુબાણીયાપા વિસ્તારમાં આવેલ ઘાંચીવાડમાં રહેતાં દિલાવરભાઈ સતારભાઈ સેલોત તેમનાં પત્ની રેશમાબેન તથા તેમની દીકરી ખુશ્બુ તથા તેમના ભાઈ આશિફભાઈ તથા આશીફભાઈના પત્ની અંજુમનબેન ગઈકાલે રાત્રે અલગ અલગ બે મોટર સાયકલ લઈ અમરેલી લીલીયા રોડે ઉપર લાલાવદર પાસે ભાવરીયા પીરની દરગાહએ દર્શન કરવા ગયેલ હતા. અને આજે તા.૮ના આશરે સાડા બારેક વાગ્યે ઘરે પરત ફરતાં હતા. આશિફભાઈએ પોતાના હવાલાવાળા મોટર સાયકલ નં. જીજે ૧૪.એઈ.૦૧૩૦ માં પાછળ તેમનાં પત્ની અંજુમનબેનને બેસાડી આવતાં હતાં. ત્યારે અમરેલીના દાદા ભગવાનના મંદિર પાસે પુલનું કામ ચાલુ હોય ત્યાં આશિફભાઈનું ડબલ સવારી વાળું મોટર સાયકલ ડાયવર્જન તરફ વળેલ નહીં અને સીધું જ ઊંડા ખાડામાં પડી ગયેલ હતું. ત્યારે બીજા મોટર સાયકલ આવી રહેલ દિલાવરભાઈએ પોતાનું મોટર સાયકલ સાઈડમાં ઊભું રાખી ત્યાં જોવા જતા દિલાવરભાઈ દીકરી સળિયા પાસે પડી જતા તેને બંને પગમાં ઈજા થયેલ હતી. આશિફભાઈ તથા તેના પત્ની નીચે ખાડામાં પડેલ હતા. જેથી ફાયરબ્રિગેડને ફોન કરતા ફાયરબ્રિગેડની ટીમ આવી ગયેલ આસિફભાઈ તથા તેના પત્ની અંજુમબેનને ખાણમાંથી બહાર કાઢેલ હતાં. આ દરમિયાન આસિફભાઈને માથામાં ગંભીર ઈજા થયેલ હોય, તેને પ્રાઈવેટ વાહનમાં અમરેલી સિંવીલ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા.જ્યાં આશીફભાઈનું મોત નિપજેલ હતું.



દીકરી ખુશ્બુ તથા આસિફભાઈના પત્ની અંજુમનબેનને અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં ખસેડાયેલ હતાં.

# અમરેલીમાં બેંક કર્મચારીની ઓળખ આપી ગઠિયાએ નિવૃત્ત શિક્ષકના રૂા. ૧૫ લાખ પડાવ્યા

## વૃદ્ધની સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ત્રણ મોબાઈલધારકો સામે ફરિયાદ

અમરેલી

અમરેલીમાં રહેતાં એક વૃધ્ધ નિવૃત શિક્ષકને ત્રણ જેટલાં અજાણ્યા ઈસમોએ પોતાની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ ભોળવી જઈ બેંકના નામની અલગ અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી, અને ડાઉનલોડ કરાવી નિવૃત શિક્ષકને અલગ અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર બે અલગ અલગ બેંક ખાતા અલગ અલગ રકમના કુલ-૩ ટ્રાન્જેક્શન કરી રૂપિયા ૧૫ લાખની નિવૃત શિક્ષક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ કસ્ટમરકેર ૯૦૭૮૧૬૪૬૧૦ નંબરનો ધારક આરોપી નં.(૧) મો.નં.૯૦૭૮૧૬૪૬૧૦ વાળા તથા અજય નામનો હિન્દી ભાષી મોબાઈલ નં.૭૪૩૯૧૪૨૦૬૨ માંથી વાત કરનાર તથા મો.નં. ૯૩૪૧૨૩૫૦૦૩ ના વોટ્સએપ એકાઉન્ટ ધારક વાળા આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ રચી અમરેલીના લાઠી રોડ ઉપર આવેલ મધુવન પાર્ક-૪ દ્વારકૂ રહેતાં રાજેશપ્રસાદ ઈન્દ્રવદન પંડીત નામનાં ૬૧ વર્ષીય નિવૃત શિક્ષકને આરોપીએ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારી તરીકેની ખોટી ઓળખ આપી, નિવૃત શિક્ષકને વિશ્વાસમાં લઈ ભોળવી જઈ બેંકના નામની અલગ અલગ એપ્લીકેશન વોટ્સએપમાં ફાઈલ મોકલી, અને ડાઉનલોડ કરાવી, તેમાં તમામ એક્સેસ મેળવી લઈ નિવૃત શિક્ષકને અલગ અલગ રીતે વાતચીતમાં વ્યસ્ત રાખી નિવૃત શિક્ષકની જાણ બહાર ગત તા.૬ ના રોજ બે અલગ અલગ બેંક ખાતા અલગ અલગ રકમના કુલ-૩ ટ્રાન્જેક્શન કરી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦ ની નિવૃત શિક્ષક સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કર્યા અંગેની અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# સા.કુંડલા ડેપોની બસમાંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળ્યા





અમરેલી

૩૧ ડિસેમ્બરમાં દારૂની હેરફેર ન થાય તે માટે પોલીસ અને એસ.ટી.લાઈન ચેકીંગ ટીમ દ્વારા બસની તપાસ કરવામાં આવતી હતી પરંતુ ૩૧ ડિસેમ્બર બાદ એસ.ટી.બસમાં જ દારૂની હેરફેર શરૂ થઈ ગઈ છે. જેમાં સાવરકુંડલા ડેપોની બસ નં.જીજે-૧૮-ઝેડટી-૦૭૩૦ મંડોરથી સાવરકુંડલા આવવા માટે નીકળી હતી અને રાત્રિના બે વાગ્યાની આસપાસ ઢસા ચોકડી પાસે પહોંચતા અમરેલી એસ.ટી.ચેકીંગની ટીમ દ્વારા બસની તલાસી લેવામાં આવતા બસમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નં.૪૫ અને ૨૪ નંગ બિયરના ટીન બસની ડેકીમાંથી મળી આવ્યા હતા. એસ.ટી.ચેકીંગ ટીમના એમ.એ. જુણેજા અને આર.એચ. હિંગુએ તાત્કાલિક ઢસા પોલીસને જાણ કરી હતી જેથી ઢસા પોલીસે બસના કંડકટર જગદીશ ભરાડ સામે ગુનો નોંધ્યો છે. આ દારૂ કોણે મંગાવ્યો અને કોને આપવાનો હતો તે બાબતે પોલીસ પુરપરછ કરશે. આમ, એસ.ટી.બસનો ઉપયોગ દારૂની હેરાફેરી કરવામાં થયો હોવાનું સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

અત્રે નોંધનીય છે કે ગુજરાતની બોર્ડર નજીક અમરેલી એસ.ટી.ડિવિઝનની જે બસ જાય છે તેવી તમામ બસમાં ચેકીંગ કરવામાં આવે તે જરૂરી છે. ઘણીવાર ડ્રાઈવરો પણ નશામાં બસ ચલાવતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# અમરેલી પંથકમાં અલગ અલગ બે સગીરાના અપહરણ



અમરેલી

અમરેલી જિલ્લા લાઠી તથા અમરેલી પંથકમાંથી અલગ અલગ બે બનાવમાં બે તરુણીના અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના આસોદર ગામની સીમમાં રહેતી એક ૧૭ વર્ષ ૭ મહિનાની ઉંમરની તરૂણીને ગત તા.૩ ના બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યે આસોદર ગામની સીમમાં વાડી પાસે રોડ ઉપરથી કોઈ અજાણ્યો ઈસમ તરૂણીને કાયદેસરના વાલીપણા માંથી અપહરણ કરી લઈ ગયાની તરૂણીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જ્યારે બીજા બનાવમાં બગસરા તાલુકાના માવજીંજવા ગામનાં વતની અને હાલ રાજકોટ ગામે રહેતાં ચિરાગ મનોજભાઈ જાદવ નામનાં આરોપી અમરેલીના સરંભડા ગામે રહેતી એક ૧૬ વર્ષ ૩ મહિનાની તરૂણીને ગત તા.૪ ના રોજ ૪/૩૦ વાગ્યાથી ૬ વાગ્યા દરમ્યાન લલચાવી ફોસલાવી તેને લગ્ન કરવાની લાલચ આપી, તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# ધારીના ગરમલી ગામે દીપડો પાંજરે પુરાયો



ધારી

ધારી તાલુકાના ગરમલી ગામમાં છેલ્લા ઘણા સમયથી લોકોમાં આતંક ફેલાવતો દીપડો આખરે ઝડપાયો છે. ગામના રહેવાસીઓએ દીપડો વારંવાર દેખાતો હોવાની જાણ વન વિભાગને કરી હતી. વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ગામ નજીક પાંજરું મૂક્યું હતું. પાંજરામાં દીપડો આબાદ ઝડપાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે નોંધનીય છે કે ગરમલી ગામે છાશવારે રાનીપશુઓ આવી ચડતા હોવાથી ગ્રામજનો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

# રાજુલામાં કોર્ટ મુદતે આવેલા સુરતના વેપારી પર જીવલેણ હુમલાથી ચકચાર



અમરેલી

સુરતના એક વેપારી અને આરોપીઓ વચ્ચે દોઢ વર્ષ પહેલાં થયેલી મારામારીનું મનદુઃખ રાખી રાજુલામાં ભરબપોરે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો. રાજુલા સેશન્સ કોર્ટમાં મુદત પતાવી પરત ફરી રહેલા વેપારીની કારને આંતરીને અજાણ્યા શખ્સોએ તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. મૂળ રાજુલાના અને સુરત રહી વેપાર કરતાં અનીલભાઈ બાબુભાઈ કાતરીયા (ઉ.વ.૪૪)એ મહેશભાઈ ભુરાભાઈ ધાખડા રહે.ઉચૈયા તથા અન્ય ચાર અજાણ્યા માણસો સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, તેઓ કોર્ટમાં પોતાની મુદત પૂર્ણ કરી કાર (નં. જીજે-૦૬-છ-૨૪૫૬) માં બેસી પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન રાજુલા-જાફરાબાદ રોડ પર ભારત પેટ્રોલિયમ પાસે, મામલતદાર કચેરીના વળાંકમાં કાર પહોંચતા જ એક અજાણ્યા બાઈક સવારે ડ્રાઈવરને ઈશારો કરી ગાડી ઉભી રખાવી હતી. ગાડી ઉભી રહેતાની સાથે જ પાછળથી પણ એક મોટરસાયકલ પર બે શખ્સો આવ્યા હતા, જે પૈકી એક આરોપીના હાથમાં છરી હતી. અચાનક થયેલા આ હુમલામાં એક આરોપીએ લોખંડના પાઈપ વડે કારના આગળના કાચ પર જોરદાર પ્રહાર કર્યો હતો. જતી વખતે આરોપીઓએ ધમકી આપતા કહ્યું હતું કે, ભાગી ગયો, કાંઈ વાંધો નહી, જો હોત તો તેને આજે પતાવી જ દેવાનો હતો. આમ, સરેઆમ જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ ભરતભાઈ મુહાભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

